Gujarati Midday Pg 9, 02nd March 2022

# ભારતના પ્રથમ ક્રિપ્ટો ઇન્ડેક્સ આઇસી૧૫નું હવે એક્સચેન્જ પર ટ્રેડિંગ થશે

## ક્રિપ્ટોવાયરે બિટબીએનએસ એક્સચેન્જ સાથે કર્યો કરાર

**વૈશ્વિક** સુપર એપ - ક્રિપ્ટોવાયર અને ભારતમાં ક્રિપ્ટોકરન્સીના અગ્રણી એક્સચેન્જ - બિટબીએનએસ વચ્ચે આઇસી૧૫ના ટ્રેડિંગ સંબંધે કરાર થયા છે. આઇસી૧૫ એ ક્રિપ્ટોવાયરે ગત ત્રીજી જાન્યુઆરીએ લૉન્ચ કરેલો ભારતનો પ્રથમ વૈશ્વિક ક્રિપ્ટોકરન્સી ઇન્ડેક્સ છે.

બિટબીએનએસ એક્સચેન્જ પર આઇસી૧૫નું ટ્રેડિંગ આવતા નાણાકીય વર્ષથી અર્થાત્ એપ્રિલના પ્રથમ સપ્તાહથી શરૂ થશે. દરમિયાન, આઇસી૧૫ ઇન્ડેક્સમાં મંગળવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૧૧.૩૫ ટકા (૬૨૬૯ પૉઇન્ટ)નો વધારો થતાં આંક ૬૧,૫૦૯ ઉપર પહોંચ્યો હતો. ઇન્ડેક્સ ૫૫,૨૪૦ ખૂલ્યા બાદ ઉપરમાં ૬૨,૪૮૮ અને નીચામાં ૫૫,૦૦૩ થયો હતો. આમ, ઇન્ટ્રા ડે ધોરણે એમાં ૭૪૮૫ પૉઇન્ટનો ઉતાર-ચડાવ આવ્યો હતો.

નોંધનીય છે કે ક્રિપ્ટોવાયરે ભારતનો પ્રથમ વૈશ્વિક ઇન્ડેક્સ શરૂ કરવા ઉપરાંત હવે ઇન્ડેક્સના ટ્રેડિંગની નવી પહેલ કરી છે. વ્યક્તિઓ અને સંસ્થાઓને કોઈ એક કરન્સીમાં ટ્રેડિંગ કરવામાં જે જોખમ હોય એની તુલનાએ સમગ્ર માર્કેટને આવરી લેનારા ઇન્ડેક્સમાં કરાતા ટ્રેડિંગમાં જોખમ ઓછું હોય છે. એટલું જ નહીં, ઇન્ડેક્સમાં ટ્રેડિંગ કરવાથી પ્રવાહિતાને લગતું જોખમ પણ ઘટી જશે. બિટબીએનએસ એક્સચેન્જના આશરે ૪૦ લાખ યુઝર્સને આઇસી૧૫માં ટ્રેડિંગ કરવાનો લાભ મળશે. આઇસી૧૫નું ટ્રેડિંગ શરૂ થવાને પગલે એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડ્સ (ઈટીએફ) તથા અન્ય વેલ્થ મૅનેજમેન્ટ પ્રોડક્ટ્સ, ડેરિવેટિવ્ઝ અને બાસ્કેટ ટ્રેડિંગ મારફતે અલગ-અલગ પ્રોડક્ટ્સ ઑફર કરી શકાશે. આ વ્યવસ્થા ન્યુ યૉર્ક સ્ટૉક એક્સચેન્જ, સીએમઈ, નૅસ્ડૅક અને લંડન સ્ટૉક એક્સચેન્જ પર ટ્રેડ થતા એસઍન્ડપી, ડાઉ જોન્સ અને એફટીએસઈ ઇક્વિટી ઇન્ડેક્સ અથવા ઈટીએફ પ્રોડક્ટ્સ જેવી છે.